BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# શર્મિલા રેગે: સમાજશાસ્ત્રી અને સામાજિક કાર્યકર
## (Sharmila Rege: Sociologist and Social Activist)

- **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત**
આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર,
સ્કુલ ઓફ હ્યુમેનીટીસ એન્ડ સોશિયલ સાયન્સ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ, ગુજરાત
bhagyashree.rajput@baou.edu.in
bhagyashree.org@gmail.com

❖ **સારાંશ :-**

'સ્ત્રી અભ્યાસો' અને 'સ્ત્રી આંદોલનો' સાથે સંકળાયેલા એવાં પ્રખર મહિલા એટલે 'શર્મિલા રેગે' ખૂબ જ નાની ઉંમરમાં નારીવાદી સમાજશાસ્ત્રી તરીકેની નામના મેળવનાર શર્મિલા રેગે મહિલાઓને સભાન, જાગૃત બનાવવા અથાગ પ્રયત્નો કર્યા છે. શર્મિલાને ભારતના પહેલી હરોળના નારીવાદી વિદ્વાનોમાંના એક ગણાવી શકાય. તેનું મુખ્ય કારણ એ જ કે, તેઓએ દલિત-બહુજન મહિલાઓના હક્ક-અધિકાર માટે, સમાજમાં સમાનતા માટેના ઉમદા કાર્યો કર્યા છે. 'દલિત પરિપ્રેક્ષ્ય' ને વિકસાવી ભારતમાં જુદા-જુદા વર્ગ, જાતિ, ધર્મ વિશેના તાર્કિક વિચારો રજૂ કર્યા છે. માત્ર મહિલાઓ માટે જ નહિ પરંતુ દલિત વિદ્યાર્થીઓના અધિકારો માટે તેઓએ લડત આપી છે. છતાં સમાજે તેઓના કરેલ કાર્યોને ક્યાંક હાંસિયામાં ધકેલી દિધા છે. પિતૃસત્તાક ભારતીય સમાજમાં મહિલાઓ પર થતા શોષણ, દમન, હિંસા સામે પોતાનો આક્રોશ વ્યક્ત કરી અવાજ બુલંદ કર્યો છે. મહિલા ચળવળમાં આંબેડકરની ભૂમિકાને કેન્દ્રસ્થ રાખી હિંસાત્મક વલણો અને વિચારોનો વિરોધ કર્યો છે. કેન્સરના જીવલેણ રોગ સામે ઝઝૂમવા છતાં, શર્મિલાએ મહિલાઓના પ્રશ્નો સાથે સંકળાયેલા ડૉ. બી.આર. આંબેડકરના લેખોનું સંપાદન કરવાનું કામ કરી સમાજને નવી દિશા અર્પી છે. દલિત

મહિલા ચળવળોએ સમકાલીન ભારતમાં જાતિ અને લિંગની પરંપરાગત વિચારસરણી સામે ઝૂંબેશ ચલાવી હતી. ભારતમાં નોંધપાત્ર શૈક્ષણિક સુધારા માટે, મહિલાઓને સક્ષમ બનાવવા માટે તથા હાંસિયામાં ધકેલાયેલ સમુદાયને મુખ્ય હરોળમાં લાવવા માટે શર્મિલા રેગે અવિરતપણે પ્રતિબદ્ધ રહ્યા હતા. જેમાંથી અમુક અંશ તારવીને પ્રસ્તુત લેખમાં સમાવિષ્ટ કરવાનો પ્રયત્ન કરેલ છે.

- **ચાવીરૂપ શબ્દો :-** શર્મિલા રેગે, સમાજશાસ્ત્રી, નારીવાદી, સામાજિક કાર્યકર, સ્ત્રી અભ્યાસો, સ્ત્રી આંદોલનો

- **પ્રસ્તાવના :-**

મહિલાઓના સમાનતા, હક્ક, જાગૃતિ માટે અવિરતપણે અગ્રેસર રહેતા નારીવાદીઓએ મહિલાઓના અભ્યાસોમાં મહિલાઓના રોજીંદા અનુભવોને કેન્દ્રલક્ષી ગણ્યા છે. મોટેભાગની મહિલાઓ એક સમાન સામાજિક સમસ્યાઓથી પીડાતી રહી છે. આથી ઘણા સ્પષ્ટવક્તા, તર્કબદ્ધ નારીવાદીઓએ મહિલાઓનો સ્વીકાર એક વ્યક્તિ તરીકે થાય તે માટેના પ્રયત્નો કર્યા છે. અનેક ચિંતકો, નારીવાદીઓ, સિદ્ધાંતકારોના સંશોધન, લખાણો, નિરીક્ષણોને આધારે કહી શકાય કે, મોટાભાગની મહિલાઓ પીડિત છે, મોટાભાગની મહિલાઓ દલિત (દબાયેલી, કચડાયેલી) છે. તેમાયે નિમ્ન જ્ઞાતિની મહિલાઓ, આદિવાસી મહિલાઓ પર સતત શોષણ, દમન, અત્યાચાર થતો રહ્યો હતો અને આજે પણ થાય જ છે. સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, રાજકીય, આર્થિક રીતે સ્રીત્વને ગૌણ જ ગણવામાં આવ્યું છે. જેના કારણે પુરૂષીકરણ, સવર્ણીકરણનો વ્યાપ વધતો ગયો, સત્તા વધતી ગઈ. જો કે અનેક સામાજિક સુધારકો, ક્રાંતિકારી નેતાઓ, આગેવાનો, સશક્ત મહિલાઓ દ્વારા ન્યાય, સમાનતા, અધિકાર માટેના પ્રચંડ પ્રયત્નો થતા આવ્યા છે.

સામાજિક કાર્યકરો, નારીવાદીઓએ સ્ત્રીશિક્ષણ, સ્ત્રીઓના મતાધિકાર અને વારસાહક્કની હિમાયત કરી છે. નારીવાદી મહિલાઓને મોટેભાગે બંડખોર, જબરી, અઘરી, દાદાગીરીવાળી, પુરુષત્વને નકારનાર અને અહંકારી વગેરે જેવી ધારણા બાંધી લેવામાં આવે છે; જે તદ્દન ખોટું છે. લેખિકા વર્જિનિયા વુલ્ફએ નારીવાદનું સૌપ્રથમ વાર તાર્કિક અને વ્યવસ્થિત રજૂઆત વર્ષ 1929માં

તેમના લિખિત પુસ્તક 'A Room of One's Own' કરી હતી. આ ઉપરાંત નારીવાદ ક્ષેત્રે પેટ્રિશિયા મેયર સ્પેક્સ, એલન શોવાલ્ટર જેવી નારીવાદી લેખિકાઓનું પ્રદાન અતુલનીય છે. નારીવાદના પ્રચાર પ્રસારથી મહિલાઓ વધુ જાગૃત બની છે. સદીઓથી દબાયેલી, કચડાયેલી અને પોતાના અધિકારોથી વંચિત રહેલી સ્ત્રીઓએ આક્રોશપૂર્ણ, સાહસિક બની આંદોલનોમાં સહભાગી બન્યા, પોતાને થતા અન્યાયનો વિરોધ કરવા પ્રેરાયા છે. જો કે આજેપણ ઘણી મહિલાઓ વારંવાર ઘરેલુ હિંસા, અન્યાય અને સામાજિક ભેદભાવનો શિકાર બનતી રહે છે.

ભારતીય સંદર્ભે જોઈએ તો, નારીવાદી અભિગમ ધરાવતા અને સમાજમાં નવીન ક્રાંતિથી સામાજિક પરિવર્તન લાવનારા પુરુષોમાં જ્યોતિબા ફૂલે (1827- 1890), બાબાસાહેબ આંબેડકર (1891- 1956), ધોન્ડો કેશવ કર્વે (મહર્ષિ કર્વે: 1858- 1962), રાજા રામમોહન રોય (1772- 1833), ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (1820- 1891) વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત અનેક ભારતીય મહિલાઓ જેમ કે, સાવિત્રીબાઈ ફૂલે (1831-1897), ફાતિમા શેખ, તારાબાઈ શિંદે (1850-1910), રમાબાઈ રાનડે (1863-1924), ડૉ. વીણા મજૂમદાર (1927-2013) તથા શર્મિલા રેગે (1964-2013) વગેરે મહિલાઓનું પ્રદાન નોંધનીય છે.

ખાસ કરીને ડૉ. શર્મિલા રેગે, સમાજશાસ્ત્રી, જ્યોતિબા ફૂલે-આંબેડકરવાદી અને નારીવાદી હતા. તેઓ એક એવા જાગૃત – સાહસિક મહિલા કે જેમણે ભારતમાં જાતીના કારણે થતો અત્યાચાર, ભેદભાવ અને પિતૃસત્તા સામે પડકાર ફેંક્યો હતો. એટલું જ નહિ, ભારતીય મહિલાઓનાં પ્રશ્નોને વાચા આપવાની હોય, દલિત વિદ્યાર્થીઓના અધિકારો માટે લડત હોય કે પછી શૈક્ષણિક સુધારણાની બાબત હોય એમ પ્રત્યેક સામાજિક સમસ્યાઓ નિવારવા માટે સમાજનો અવાજ બની ઉભરી આવ્યા હતા. આથી પ્રસ્તુત લેખમાં શર્મિલા રેગેના જીવન પરિચય, તેઓના વિચારો, લખાણો તેમજ તેમણે કરેલા સામાજિક કાર્યોને રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

❖ જીવન પરિચય :-



શર્મિલા રેગેનો જન્મ કોલ્હાપૂરમાં તારીખ - 7 ઓક્ટોબર 1964ના રોજ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો અને તેમનું બાળપણ, ઉછેર પુણે, મહારાષ્ટ્ર (ભારત)માં થયો હતો. તેમણે ફર્ગ્યુસન કોલેજ (*Fergusson College*)માંથી સમાજશાસ્ત્ર વિષયની પદવી પ્રાપ્ત કરી. સમાજશાસ્ત્ર વિષયમાં નિષ્ણાંત એવા શર્મિલાએ વર્ષ 1991માં પુણે યુનિવર્સિટીનાં ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે મહિલા કેન્દ્ર (The Kranti Jyoti Savitribai Phule Women's Studies Centre - KJSPWSC) માં સમાજશાસ્ત્ર વિષય ભણાવવાની શરૂઆત કરી. તેઓ આ જ કેન્દ્રમાં નેતા પણ હતા. તેઓએ સમાજના બહિષ્કૃત, દલિત વર્ગોના વિદ્યાર્થીઓ, મહિલાઓના અધિકારો માટે લડત આપી હતી. 1995માં તેમણે "મુખ્યધારા સમાજશાસ્ત્રથી પુરુષધારા સમાજશાસ્ત્ર" ("From *Mainstream* to *Male-stream* Sociology") વિષય પર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ત્યારબાદનાં વર્ષોમાં (The Indian Institute of Technology - IIT) બોમ્બેમાં લાંબા સમય સુધી સમાજશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિયુક્ત રહ્યા. વર્ષ 2000ની શરૂઆતમાં પુણે યુનિવર્સિટી અને (Indian Institute of Technology) મુંબઈમાં અન્ય પ્રોફેસર પદો સંભાળ્યા હતા. સતત સામાજિક કાર્યોમાં વ્યસ્ત એવા શર્મિલા રેગેએ બાળકો માટે ડે કેર સેન્ટર (Day Care Center)ની સ્થાપના વર્ષ 2002માં કરી. 2006માં મદ્રાસ ઇન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ સ્ટડીઝ (The Madras Institute of Development Studies – MIDS) એ શર્મિલા રેગેને ડેવલપમેન્ટ સ્ટડીઝમાં કરેલ કાર્ય અને વિશિષ્ટ યોગદાન માટે પદ્મિની સ્વામીનાથનનાં હસ્તે માલ્કમ અદિશેશિયા એવોર્ડ (The Malcolm Adiseshiah award)થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વર્ષ 2008માં, મહિલા કેન્દ્ર (જેન્ડર સ્ટડીઝ વિભાગ)માં નિયામક (Director) તરીકે કાર્યભાર સંભાળ્યો. લિંગ અને જાતીય અસમાનતા દૂર કરવાનાં પ્રયત્નો દ્વારા સામાજિક ક્રાંતિ ફેલાવનાર માનસિક રીતે મજબૂત એવા પ્રતિબદ્ધ શર્મિલા રેગેનું 13 જુલાઈ

2013ના રોજ માત્ર 49 વર્ષની વયે આંતરડાના કેન્સર (કોલોન કેન્સર - Colon Cancer) થી પૂણેની સ્થાનિક હોસ્પિટલમાં અવસાન થયું.

- **પ્રખર સમાજશાસ્ત્રી :-**

સમાજશાસ્ત્ર અને લિંગ અભ્યાસો વચ્ચેના સહ-સંબંધને સાંકળીને સંશોધન કાર્ય હાથ ધરનાર શર્મિલા રેગે પ્રથમ હરોળના સમાજશાસ્ત્રી મનાય છે. શૈક્ષણિક ક્ષેત્રોનાં સંદર્ભમાં જોઈએ તો, સમાજશાસ્ત્ર, મહિલા અભ્યાસ અને મહિલાઓનાં આંદોલનો વગેરે જેવા કાર્યોમાં શર્મિલા રેગે અગ્રેસર હતા. તેમણે લિંગ, જ્ઞાતિ અને રાજકારણ વગેરે મુદ્દાઓમાં લડત આપી, સંશોધન કરી, જ્ઞાન એકત્રિત કરી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સમાજને પરિવર્તિત કરવા માટે તેઓ પ્રથમ પેઢીના વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા પર ભાર મૂકતા હતા. રેગેના વિદ્યાર્થીઓમાં ફેક્ટરી કામદારો અને નિયો-બૌદ્ધોનો સમાવેશ થતો હતો. મહિલાનાં અભ્યાસોને વધુ મહત્વ આપી દલિત મહિલાઓની સ્થિતિને આબેહૂબ રજૂ કરી નારીવાદી વલણ અપનાવ્યું હતું. તેમના સમયગાળા દરમિયાન દલિત મહિલાઓની સ્થિતિ દયનીય હતી, આથી શિક્ષિત બની દલિત સમાજ અને મહિલાઓના પ્રતિનિધિ બન્યા. ઉપરાંત પ્રાચીન સાહિત્ય વિષયક તર્કબદ્ધ વિવેચન અને દલિત નારીવાદ વિશેના વિચારો પ્રસ્તુત કર્યા. રૂઢીચુસ્ત ભારતીય સમાજમાં કુપ્રથાઓ, જાતિવાદ, લિંગ અસમાનતા, દેવી/માતા તરીકે પૂજાતી મહિલાઓનું નિમ્ન સ્થાન ખૂબ જ સામાન્ય જોવા મળતું હતું. શર્મિલાએ આ જ જાતિવાદ અને જાતિવાદી પ્રથાઓ-કુપ્રથાઓ, દલિત મહિલાઓના રોજીંદા અનુભવો, અત્યાચારો, દમન, અંગત સમસ્યાઓ વગેરેને લક્ષ્યમાં રાખી જાતિ અને લિંગનાં સંબંધ સમજવા વિશ્લેષણ કર્યું હતું.

નારીવાદી પરિપ્રેક્ષ્યને વધુ વિસ્તૃત રીતે સમજવા તેમણે સમાજશાસ્ત્રમાં લિંગ અભ્યાસોને મહત્વ આપ્યું છે. રેગેએ સમાજશાસ્ત્રીઓ - સિદ્ધાંતકારો જેમ કે, કાર્લ માર્ક્સ, એન્જલ્સ, મેક્સ વેબર, ઓગસ્ટ કોમ્ટ, એમિલ દર્ખાઈમ, હર્બટ સ્પેન્સર વગેરેની મૌલિક સમીક્ષા કરેલ છે. આ જ વિષયને કેન્દ્રમાં રાખીને શર્મિલાએ 'સમાજશાસ્ત્ર અને જાતિ અભ્યાસ વચ્ચે સંસ્થાકીય જોડાણઃ વાનર અને

મગરની વાર્તા' ('Institutional Alliance between Sociology and Gender Studies: The Story of the Monkey and the Crocodile') નામનો લેખ પ્રકાશિત કર્યો. જેમાં ઐતિહાસિક પુરાવાઓને આધારે સમાજશાસ્ત્ર અને લિંગ વચ્ચેનો સહસંબંધ સ્થાપી તાર્કિક વિવરણો રજૂ કર્યા છે. પંચતંત્રમાં રજુ થયેલ 'મગર અને વાંદરો'ની રસપ્રદ વાર્તા મુજબ, મગરને વાંદરાને મળવાની તીવ્ર ઉત્તેજના હોય છે, સાથે જ કોઈ મિત્રતાનો સંબંધ નહી પણ તેનું કાળજું (હૃદય) ખાવા માટે તત્પર બની રહે છે. તેનું વિશ્લેષણ કરી શર્મિલા રેગેએ મહિલાઓના સમસ્યા, મહિલાના સંઘર્ષ દર્શાવી સમસ્યાઓને દૂર કરવાની જરૂરીયાત ગણાવી હતી.

રેગે સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી વિવેચનાત્મક ચર્ચાઓ અને સૂચનાઓ દ્વારા વિદ્યાર્થીઓના ઉત્થાન અને શિક્ષણની કાળજી લીધી હતી. શર્મિલાને પ્રથમ પેઢીના વિદ્યાર્થીઓને શિક્ષિત કરવામાં રસ હતો. દલિત વિદ્વાન ચિત્તીબાબુ પડવાલાએ મુજબ, "શર્મિલા માટે શિક્ષણશાસ્ત્ર પોતે જ રાજકારણ હતું." શર્મિલા શૈક્ષણિક રીતે એક શિક્ષક કે નેતા હોવાની સાથે રાજકીય ગતિવિધિઓ સામે સક્રિય રહેનાર કાર્યકર હતા. સમાજશાસ્ત્રના સંશોધનાત્મક ક્ષેત્રે રહેલી મર્યાદાઓનું નિવારણ લાવવાની સાથે તેમને નારીવાદી વિચાર, નારીવાદી શિક્ષણશાસ્ત્ર, નારીવાદી અભિગમને પ્રાધાન્ય આપ્યું. સમાજશાસ્ત્ર અને નારીવાદી શિક્ષણશાસ્ત્રને પરસ્પર સાંકળી મહિલા અને જાતિનાં અભ્યાસને સંસ્થાકીયરૂપ આપવાની જરૂરિયાત ગણાવી હતી. આ સંદર્ભમાં કહી શકાય કે, રેગેનું કાર્ય મુખ્યત્વે ભારતમાં જાતિવાદ, દલિત વિદ્યાર્થીઓને થતા અન્યાય, મહિલાલક્ષી સમસ્યાઓ અને પિતૃસત્તાના આંતરસંબંધ સમજવા, સંશોધનો કરવા પર કેન્દ્રિત હતું.

- ❖ **નારીવાદી – શર્મિલા રેગે :-**

રૂઢીચુસ્ત ભારતીય સમાજમાં ધર્મ, ધાર્મિક વિધિ-વિધાનો, પરંપરા, મૂલ્યો, પવિત્રતા-અપવિત્રતાને વધુ મહત્વ અપાય છે. જેનો સૌથી વધુ ભોગ મહિલાઓ જ બનતી આવી છે. આ મહિલાઓ ઉચ્ચ જ્ઞાતિની કે નિમ્ન જ્ઞાતિની પણ હોઈ શકે છે. ખાસ તો, જે મહિલાઓ નિમ્ન જ્ઞાતિ ધરાવે છે તેઓનું જીવન વધુ જટિલ જોવા મળે છે. તેનું મુખ્ય કારણ એ જ કે પહેલું તો તેઓ નિમ્ન

જ્ઞાતિના છે અને બીજું એ કે તેઓ એક મહિલા છે. દલિત કે નિમ્ન જ્ઞાતિના અને મહિલા – આ બંને સમાજમાં સંઘર્ષો, અત્યાચાર, છુઆછૂતનો સામનો કરતા આવ્યા છે. જેનું વર્ણન બાબાસાહેબ આંબેડકર લિખિત 'ડિપ્રેસ્ડ ક્લાસ' (‘Depressed Classes’ Ambedkar : 1936) અને ‘The Second Sex’ (Beauvoir, 1989)માં જોવા મળે છે. શર્મિલા રેગે મુજબ, દલિત સ્ત્રીઓ પરનો અત્યાચાર, હિંસા એક તરફ 'દલિત ઓળખના પુરૂષીકરણ' અને બીજી તરફ સ્ત્રીત્વના ‘સવર્ણીકરણ’ અથવા 'બ્રાહ્મણીકરણ'નું પરિણામ છે. તેઓ વધુમાં જણાવે છે કે, દલિત મહિલાઓ બે ગણા અત્યાચાર, શોષણ અને સામાજિક, આર્થિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગઈ હતી. જો દલિત મહિલાઓ વિરોધ કરે તો તેમના અસ્તિત્વ સામે જોખમ ઉભું થવાની સંભાવના વધી જાય છે (Ananya : 2017). રેગેના મતે, દલિત મહિલાઓએ જાતિની ચર્ચાઓ કરવા, નારીવાદી પરિપ્રેક્ષ્ય સાથે જાતિવાદનો વિરોધ કરવા તેમજ મહિલાઓની સમસ્યાઓ નિવારવા, મહિલા આંદોલનોમાં સહભાગી થવા દલિત મહિલાઓએ ‘દલિત’ તરીકેની સામાજિક ઓળખનો ત્યાગ કરવો પડશે.

શર્મિલા રેગેના પ્રત્યેક વ્યાખ્યાનો, લખાણો, સંશોધનો અને સામાજિક કાર્યોમાં નારીવાદી પરિપ્રેક્ષ્ય પ્રતિબિંબિત થાય છે. ઉપરાંત ભારતમાં મહિલાઓના અધિકારોને લગતી ગંભીર ચિંતાઓ દર્શાવે છે. બિનસાંપ્રદાયિક ભારતમાં 'હિન્દુ રાષ્ટ્ર'ના વર્ચસ્વ, તેઓનું અન્ય જ્ઞાતિઓ – મહિલાઓ પરનું નિયંત્રણ વગેરે જેવી બાબતોને સમાજ સમક્ષ ખુલ્લા પાડ્યા. તેમના પ્રત્યેક લખાણો અને વ્યાખ્યાનો દલિતો અને મહિલાઓનો અવાજ બુલંદ કરવા પર કેન્દ્રિત હતો. રેગેએ ડૉ. બી.આર. આંબેડકરના વિચારોને માત્ર શિક્ષણશાસ્ત્રમાં જ નહીં પરંતુ આધુનિક રાષ્ટ્ર રાજ્યની રચનામાં સામેલ કરવા, સામાજિક સમાનતા વિકસાવવા, જ્ઞાતિગત બંધનો દૂર કરવા કરવા પર ભાર મૂક્યો હતો. તેણીએ વિચાર્યું કે ભારત વૈશ્વિકીકરણના સમયગાળામાં આર્થિક વૃદ્ધિ અને વિકાસ હાંસલ કરવાની સ્પર્ધામાં છે ત્યારે હાંસિયામાંથી અવાજો અદ્રશ્ય ન રહે તેની ખાતરી કરવા માટે આ મહત્વપૂર્ણ છે. રેગે રાજકીય હરીફાઈઓ અને જાહેરમાં સંવાદો માટે જગ્યાઓ ખોલવાનો પ્રયત્ન કર્યો.

તાર્કિક વિચારો રજૂ કરવા, સામાજિક કાર્યો કરવા, પરંપરાગત રૂઢીચુસ્ત સમાજ સામે આંદોલનો કરવા, દલિત વિદ્યાર્થીઓ અને મહિલાઓ માટે લડવું સહેલું કાર્ય નહોતું. શર્મિલા રેગે ઉચ્ચ-વર્ગના વ્યક્તિઓ, રૂઢીચુસ્ત શિક્ષણવિદો, સમાજશાસ્ત્રીઓ, અનેક અસામાજિક લોકોના પ્રત્યાઘાત, વિરોધ, ધમકીઓનો સામનો કર્યો છે. નીડર શર્મિલાએ નારીવાદી અભિગમથી સમાજ, ધર્મ અને રાજકીય ક્ષેત્રે વિચારો અને કાર્યોને સફળ બનાવ્યા છે.

❖ **સામાજિક કાર્યકર :-**

એક સામાજિક કાર્યકર, નારીવાદી વિદ્વાન, સમાજશાસ્ત્રી, સામાજિક વિશ્લેષક તરીકે શર્મિલાએ બ્રાહ્મણવાદી પિતૃસત્તાને 'દલિત દૃષ્ટિબિંદુ' ('Dalit Standpoint')થી પડકારી હતી. સક્રિયપણે દલિત-નારીવાદી દૃષ્ટિકોણ વિકસે, સમાજની કુપ્રથાઓ નાબૂદ થાય તે માટે સામાજિક કાર્યકર તરીકે શર્મિલા રેગે પ્રતિબદ્ધ રહ્યા હતા. ઉપરાંત જુદા જુદા શિક્ષણવિભાગમાં સમાજશાસ્ત્રી તરીકે કેવા કાર્યો કરવા જોઈએ, સમાજમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા નિમ્ન જ્ઞાતિના લોકોને મુખ્ય હરોળમાં લાવવા, સમાજમાં સમાનતા વિકસાવા કેવી રીતે કાર્ય કરવું જોઈએ તે રેગેનાં સામાજિક કાર્યો, સામુહિક ભાષણો, અન્ય લખાણો પરથી સમજી શકાય છે. ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી (The Economic And Political Weekly)માં રજૂ કરેલ 'પાવડા' *('Powda')* અને 'લાવણી' *('Lavani')*ની બે મરાઠી લોક સંસ્કૃતિનું વિશ્લેષણ શર્મિલા રેગેનું ઉત્કૃષ્ટ લખાણ છે. આ જ લેખમાં રેગેએ બંને પ્રથાઓના સાંસ્કૃતિક અને સામાજિક-ઐતિહાસિક વિકાસનું વિશ્લેષણ કરી સમજાવ્યું છે.

આજીવન પ્રતિબદ્ધ, દલિત મહિલાઓ અને વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરનાર શર્મિલા રેગે સાહસિક હોવાની સાથે પ્રેમાળ સ્વાભાવ ધરાવતા હતા. તેઓના મૃત્યુ બાદ પણ તેમના વિદ્યાર્થીઓ, સાથીમિત્રો, અનુયાયીઓ રેગેના કાર્યોને આગળ ધપાવવાનું કાર્ય કરે છે. શર્મિલાએ અનેક રાજકીય આંદોલનો, વિદ્યાર્થીલક્ષી આંદોલનો, મહિલાલક્ષી આંદોલનોમાં જોમ-જુસ્સાથી નેતૃત્વ કરી સામાજિક ન્યાય અપાવ્યો છે. દહેજ જેવી ભારતીય કુપ્રથા વિષે મૂલ્યાંકન કરી પોતાના વિચારો પ્રસ્તુત કર્યા છે, તેમને સબલ્ટર્ન પરિપ્રેક્ષ્યને કેન્દ્રમાં લીધું છે. શર્મિલાએ દહેજ પ્રથા વિરુદ્ધ થતા આંદોલનોને

ધ્યાનમાં લેવાનું સૂચન કર્યું છે. ભારતમાં લગ્ન સમયે લેવડ-દેવડની પ્રથા સામાન્ય છે, આ જ પ્રથાએ દહેજ જેવી કુપ્રથાને જન્મ આપ્યું છે. શર્મિલા તેના દલિત નારીવાદી વલણમાં લખે છે, “જ્યારે ડાબેરી મહિલા સંગઠનોએ ભારતમાં મૂડીવાદના વિકાસના માર્ગ તરીકે દહેજને જોયું, ત્યારે સ્વાયત્ત મહિલા જૂથોએ પરિવારમાં પિતૃસત્તાનું નિર્માણ કર્યું. સત્તા/હિંસા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. દહેજની વર્તમાન પ્રથાઓને બ્રાહ્મણીકરણની પ્રક્રિયાઓ અને લગ્ન પ્રથાઓ પર તેની અસરના સંદર્ભમાં જોવાની જરૂર છે. બ્રાહ્મણવાદી આદર્શો દહેજ લગ્નને પ્રાધાન્ય આપતા હતા, દહેજ પ્રથાને સંસ્થાકીય અને વિસ્તૃત કરી. બ્રાહ્મણ જ્ઞાતિઓએ અન્ય સ્વરૂપો કરતાં લગ્નના બ્રાહ્મણ સ્વરૂપને અપનાવ્યું અને આ રીતે 'દહેજ'ને જરૂરી કર્મકાંડ તરીકે સ્થાપિત કર્યું. વધુમાં, દહેજના પૃથ્થકરણ માટે આંતર-જ્ઞાતિય જોડાણો સામે સામૂહિક હિંસા દ્વારા અંતઃપત્નીત્વનો સિદ્ધાંત અને તેની સતત બળજબરી અને હિંસક ચાલુ રાખવાનું મહત્વપૂર્ણ છે."

શર્મિલા રેગે તર્કબદ્ધ ઐતિહાસિક પુરાવાઓ, દલિત-આદિવાસી-લઘુમતી મહિલાઓની સમકાલીન સમસ્યાઓ અને વિલક્ષણ સમુદાયનાં પ્રશ્નોને રજૂ કરવામાં માહેર હતા. તેમણે જટિલ આંતરપ્રક્રિયા વર્ગ, જાતિ, ધર્મ અને જાતિયતા દ્વારા દલિત અને અન્ય વર્ગની મહિલાઓની પરિસ્થિતિને દૂર કરવા પ્રબળ બ્રાહ્મણવાદી પ્રવચનને પડકારી સામાજિક સુધારા લાવવાનો પ્રયત્ન કર્યો હતો.

## ❖ પ્રકાશિત કૃતિઓનું વિવરણ :-

દલિત મહિલાના અભ્યાસોને દર્શાવતું તેમનું ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન 2006માં પ્રકાશિત કરેલ પુસ્તક 'રાઇટીંગ કાસ્ટ રાઇટીંગ જેન્ડર: નેરેટીંગ દલિત વિમેન્સ ટેસ્ટિમોનિયોસ' (Writing caste, writing gender: reading Dalit women's testimonies : 2006) હતું. આ પુસ્તકમાં લિંગ અને જાતિ પરના લખાણોનું સંકલન જોવા મળે છે. ઉપરાંત દલિત લેખકોના આ સામાજિક વિજ્ઞાનના સંપાદન ગ્રંથમાં 'સૈદ્ધાંતિક બ્રાહ્મણો' (‘Theoretical Brahmins’) અને 'અનુભાવિક શુદ્રો' (‘Empirical Shudras’) હોવાની રાજનીતિ પર પ્રકાશ પાડે છે. કરિન કાપડિયા (Kapadia : 2007) એ ઈકોનોમિક

એન્ડ પોલિટિકલ વીકલી જર્નલમાં આ પુસ્તકની સમીક્ષા કરી હતી. તેઓ જણાવે છે કે, 'આ પુસ્તકમાં મહારાષ્ટ્રની આઠ દલિત મહિલા લેખિકાઓના આત્મકથનાત્મક વર્ણનો દ્વારા દલિત મૌખિક ઇતિહાસનો સમાવેશ થાય છે. તેણી કહે છે કે બિન-બ્રાહ્મણ હિત એ દલિતનું હિત હોય તે જરૂરી નથી.' જાનકી નાયર (Nair : 2008) મુજબ, ભારતીય નારીવાદી ઇતિહાસશાસ્ત્રને સમૃદ્ધ બનાવવામાં આ પુસ્તકનું મહત્વનું પ્રદાન રહ્યું છે. સમીક્ષા આપતા તેઓ વધુમાં જણાવે કે, રેગેની ટેસ્ટિમોનિયોસ શબ્દની પસંદગી એ ભારપૂર્વક જણાવવા માટે છે કે દલિત સ્ત્રી એવી જગ્યા ધરાવે છે જે સમુદાયની સત્તા અને તેની જરૂરિયાતોને આધીન છે. આ પુસ્તકમાં ઉચ્ચ-જાતિ, મધ્યમ-વર્ગની મહિલાઓના રાષ્ટ્રવાદી ચળવળના અનુભવને એકરૂપ બનાવ્યો છે. દલિત અત્યાચારના ચોક્કસ અનુભવ તરફ ધ્યાન કેન્દ્રિત કરી તેણીના પ્રયત્નો એ ઐતિહાસિક રૂઢિચુસ્તતાને પડકાર્યો છે.

'રાઇટીંગ કાસ્ટ રાઇટીંગ જેન્ડર'માં શર્મિલા દલિત નારીવાદી વલણનો પરિચય આપે છે. રેગે દલીલ કરે છે કે, જાતિવિરોધી ચળવળોમાંથી બાકાત કરીને દલિત સ્ત્રીત્વને ભૂંસી નાખવામાં આવ્યું છે. પુરુષપ્રધાન સમાજમાં દલિત પુરુષને હજુ પણ અશુદ્ધ ગણવામાં આવે છે. દલિત મહિલાઓ અને અન્ય મહિલાઓ પુરુષસત્તાત્મક સમાજને આધીન હોવાથી ખાસ કરીને દલિત મહિલાઓ પર વધુ નિયંત્રણો જોવા મળે છે. રેગેએ એવી દલીલ કરી હતી કે જ્યાં સુધી સ્ત્રીઓની લૈંગિકતા અને પ્રજનન પુરુષો દ્વારા નિયંત્રિત હોય ત્યાં સુધી જ જ્ઞાતિની અંતઃપત્નીત્વનો વિકાસ થઈ શકે છે. આમ, તે જાતિ અને લિંગ સાથે મહિલાઓ પર જુલમ અને નિયંત્રણમાં સંકળાયેલી જાતીય રાજનીતિ દર્શાવે છે. શર્મિલાએ આંબેડકરની જ્ઞાતિની વ્યાખ્યાને સમર્થન આપ્યું હતું, જ્ઞાતિની સ્થિતિની સમસ્યા તમામ મહિલાઓને અસર કરે છે, પરંતુ હાંસિયામાં રહેલી નીચલી જાતિ (દલિત) મહિલાઓને વધુ અંશે અસર કરે છે. બ્રાહ્મણવાદ, જાતિવાદનો પ્રભાવ પિતૃસત્તાના અનેક સ્વરૂપો, ગુલામીને તથા અનેક સમસ્યાઓને, જન્મ આપે છે.

જાતિવાદ, છૂઆછૂત, જાતિગત હિંસા, જ્ઞાતિગત અસમાનતાના મૂળમાં ભારતીય જાતિપ્રથા છે. જે શર્મિલા રેગેની છેલ્લી પ્રકાશિત કૃતિ, અગેન્સ્ટ ધ મેડનેસ ઓફ મનુ (Against the Madness of

Manu : 2013)માં જોવા મળે છે. ડૉ. બી. આર. આંબેડકર દ્વારા કેટલીક મુખ્ય સાહિત્યિક કૃતિઓનું સંકલન આ સંપાદિત પુસ્તકમાં કર્યું હતું. આ કૃતિમાં બ્રાહ્મણવાદી પિતૃસત્તા સામેની વૈચારિક લડાઈ અને જાતિ પ્રણાલીની પ્રત્યેક મહિલાઓ (ઉચ્ચ જ્ઞાતિ અને નિમ્ન જ્ઞાતિની મહિલાઓ) સામે થતી હિંસા, નિમ્ન જ્ઞાતિના લોકોની દુર્દશા વગેરેની રજૂઆત જોવા મળે છે. ઉપરાંત બાબાસાહેબ આંબેડકરની મહિલાઓના અધિકારો માટેની લડત અને નેતૃત્વને દર્શાવેલ છે.

શર્મિલા રેગેના ઉપર્યુક્ત લખાણોએ સમાજમાં નવીન ક્રાંતિ ફેલાવાની સાથે સાથે શિક્ષણને પ્રાધાન્ય આપી જડમૂળથી સામાજિક પરિવર્તન લાવવાના પ્રયત્નો કર્યા છે. આંબેડકર-ફૂલેનાં વિચારોને લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.

### ❖ શર્મિલા રેગે લિખિત પ્રસિદ્ધ લેખો :-

1. 'મોર ધેન જસ્ટ ટેકિંગ વુમન ઓન ટુ ધ 'મેક્રોપિક્ચર' ('More than Just Tacking Women on to the 'Macropicture'), Review of Women's Studies, EPW, Vol - XXXVIII No. 43, October 25, 2003;
2. 'રીઅલ ફેમિનીઝ્મ' એન્ડ દલિત વુમન' ('Real Feminism' and Dalit Women'), EPW, Vol - XXXV No. 06, February 05, 2000;
3. દલિત વુમન ટોક ડિફરન્ટલી – અ ક્રિટિક ઓફ ડિફરન્સ એન્ડ ટુવર્ડ્સ અ દલિત ફેમિનીસ્ટ સ્ટેન્ડપોઈન્ટ પોઝીશન 'Dalit Women Talk Differently – A Critique of Difference and Towards a Dalit Feminist Standpoint Position', Special Issue, EPW, Vol. XXXIII No. 44, October 31, 1998

### ❖ શર્મિલા રેગે લિખિત ગ્રંથસૂચિની યાદી :-

1. કાસ્ટ એન્ડ જેન્ડર : ધ વાયોલન્સ અગેઈન્સ્ટ વુમન ઇન ઇન્ડિયા (Caste and gender: the violence against women in India, European University Institute, 1996)
2. સોશિયોલોજી ઓફ જેન્ડર (Sociology of Gender: The Challenge of Feminist Sociological Thought, SAGE Publications India, 2003)

3. રાઈટીંગ કાસ્ટ, રાઈટીંગ જેન્ડર: રીડીંગ દલિત વુમન્સ ટેસ્ટિમોનિયોસ (Writing caste, writing gender: reading Dalit women's testimonios, Zubaan, 2006)
4. સાવિત્રીબાઈ ફૂલે સેકન્ડ મેમોરીયલ લેક્ચર (Savitribai Phule Second Memorial Lecture, NCERT, 2009)
5. અગેઈન્સ્ટ ધ મેડનેસ ઓફ મનુ (Against the Madness of Manu, Navayana, 2013)

- **ઉપસંહાર :-**

બ્રાહ્મણ પરિવારમાં જન્મેલ દલિત સમર્થક અને પિતૃસત્તાત્મક સમાજમાં નારીવાદી ચિંતક અને મહિલા હોવાને કારણે શર્મિલા રેગેએ અનેક મતભેદો, સમસ્યાઓનો સામનો કર્યો હતો; છતાં તેઓ સકારાત્મક, પ્રામાણિક અને સંવેદનશીલ બની સામાજિક કાર્યો કરતા રહ્યા (देशपांडे : 2013). દલિત મહિલાઓ, વિદ્યાર્થીઓ માટે સતત લડત આપતા શર્મિલા રેગેએ વ્યાવસાયિક, અંગત જીવન દાવ પર લગાવી દિધું હતું. પુણેના પ્રોફેસર ડી. એન. ધનાગરે (Dhanagare : 2013) આજીવન પ્રતિબદ્ધતા બની "બૌદ્ધિક અખંડિતતા" માટે, શિક્ષણ પ્રથામાં આમૂલ પરિવર્તન લાવવાનો વારસો છોડવા બદલ આ ક્ષેત્રના ઘણા શિક્ષણવિદો વતી રેગેનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રત્યેક સ્ત્રીને સમાન હક અને સમાન તક, માનવીય અધિકાર અને માનવીય અનુભવ મળે તે હેતુ રેગેના કાર્યોમાં જોવા મળે છે. શર્મિલા રેગેને કોઈ એક ક્ષેત્રમાં સમજી શકવું અસંભવ છે. તેઓ પોતાને એક વેલ્ડર તરીકે ઓળખાવતા હતા, કે જેનું કામ સેતુ બાંધવાનો છે; વંચિત સમુદાયો, મહિલાઓ અને દલિત વિદ્યાર્થીઓને મુખ્ય હરોળમાં લાવવાનું છે.

સમાજશાસ્ત્રી ડૉ. શર્મિલા રેગેને ફૂલે-આંબેડકરવાદી નારીવાદી વ્યક્તિ તરીકે યાદ કરવામાં આવે છે. તેમના જીવનકાળ દરમિયાન શિક્ષણશાસ્ત્રી, વિદ્વાન, સંયોજક વગેરે જેવી વિભિન્ન ભૂમિકાઓ ભજવી હતી. તેમણે કરેલ આંદોલનોથી "નારીવાદી ચળવળના બ્રાહ્મણવાદ અને દલિત રાજકારણની પિતૃસત્તાક પ્રથાઓ" પ્રકાશમાં લાવી હતી અને ભારતમાં મહિલા ચળવળમાં જાતિવિરોધી સંઘર્ષોની કેન્દ્રિયતાને પ્રકાશિત કરી હતી. શર્મિલા પોતાના કાર્યોથી અત્યંત લોકપ્રિય

શિક્ષિકા, સામાજિક કાર્યકર અને નારીવાદી બન્યા. મહિલા અધ્યયન, ચળવળ, જાતિ, લિંગ અને નારીવાદ પરના તેમના લખાણો દ્વારા સમાજમાં જાગૃતિ ફેલાવી. આંબેડકરવાદી શર્મિલા હંમેશા તેના ઈમેલનો અંતમાં બાબાસાહેબ આંબેડકરનું એક પ્રસિદ્ધ વિધાન રાખતા: "તમને સલાહના મારા અંતિમ શબ્દો છે શિક્ષિત થાઓ, આંદોલન કરો અને સંગઠિત થાઓ; તમારામાં વિશ્વાસ રાખો. ન્યાય અમારા પક્ષે છે, તો પછી હું જોઈ શકતો નથી કે આપણે આપણી લડાઈ કેવી રીતે હારી શકીએ." (A quote by Ambedkar: "My final words of advice to you are educate, agitate and organize; have faith in yourself. With justice on our side I do not see how we can lose our battle.")

## ❖ સંદર્ભસૂચિ :-


1. Ambedkar, B., & Rege, S. (2013*).* Against the Madness of Manu (1st ed.). New Delhi: Navayana Publishing Pvt Ltd.
2. Ananya (2017) Sharmila Rege: Feminist, Sociologist, Welder: #IndianWomenInHistory. Feminism In India. https://feminisminindia.com/2017/10/17/remembering-sharmila-rege/.
3. Dalit Camera, 'Remembering Sharmila Rege: Caste, Gender and Pedagogy.' April 5, 2014. https://youtube.com/watch?v=S7ppsiLg0yY
4. Dhanagare, D. (2013). Sharmila Rege (1964-2013) Pursuing Knowledge for Social Transformation. *Economic and Political Weekly*, 48(32), 25-27.
5. Kapadia, Karin (15 December 2007), "Reading Dalit Women: Memories of Rural Lives in Maharashtra", Economic and Political Weekly, 42 (50): 27–29, JSTOR 40277047
6. Nair, Janaki (2008), "The Lateral Spread of Indian Feminist Historiography (Review)", *Journal of Women's History*, 20 (4): 177–184, doi:10.1353/jowh.0.0045, S2CID 144803060
7. Patel Vibhuti (*2013*), '*Tribute to Prof. Sharmila Rege* (7-10-1964 to 13-7-2013)', **https://www.boloji.com/articles/14689/tribute-to-prof.-sharmila-rege**
8. Rege Sharmila (1998) 'A dalit feminist standpoint' Seminar 471, 'Dalit', pp. 47-52.
9. Rege, S. (1997). Institutional Alliance between Gender Studies and Sociology. *Economic and Political Weekly*, 32(32), 2023-2027.
10. Rege, S. (n.d.). Sharmila Rege (1964-2013): Tribute to a Phule-Ambedkarite Feminist Welder. EPW.

https://www.academia.edu/4865098/Sharmila_Rege_1964_2013_Tribute_to_a_Phule_Ambedkarite_Feminist_Welder.

11. **Rege, S. 1998. " Dalit Women Talk Differently: A critique of 'Difference' and Towards a Dalit Feminist Standpoint." Economic and Political Weekly, Vol. 33, No.44(Oct.31-Nov.6,1998)(pp39-48)** https://www.epw.in/system/files/pdf/1998_33/44/a_critique_of_difference_and_towards_a_dalit_feminist_standpoint_position.pdf
12. Rege, Sharmila. 'A Dalit Feminist Standpoint.' Seminar (1998): 47–52. http://www.india-seminar.com/2018/710/710_sharmila_rege.htm
13. Sharmila Rege: Feminist, Sociologist, Welder | #IndianWomenInHistory. (2017). Retrieved 29 March 2021, from https://feminisminindia.com/2017/10/17/remembering-sharmila-rege/
14. Thottassery Yamini, Why Sharmila Rege Is A Great Sociologist: Contributions **https://www.sociologygroup.com/sharmila-rege-sociologist/**
15. देशपांडे सतीश (2013) 'शर्मीला रेगे एक अनूठी त्रिवेणी', प्रतिमान.